# અરવલ્લીના બિલ્ડરોએ જડબેસલાક બંધ પાળ્યો

## અરવલ્લીના બિલ્ડરોએ સ્ટીલ-સિમેન્ટના ગેરકાયદે કાર્ટેલ મુદ્દે ધંધા રોજગાર બંધ રાખી આવેદન આપ્યું : અસહ્ય ભાવ વધારો ઓછો કરવા રજુઆત

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૨

અરવલ્લી ક્રેડાઈના પ્રમુખ કમલેશ પટેલ, ચેરમેન જીતુ પટેલ, સેક્રેટરી હરેશ પટેલ વગેરે રાજ્યમાં સ્ટીલ-સિમેન્ટ, ડામર, ડિઝલ તથા અન્ય બિલ્ડીંગ મટેરીયલ્સના ભાવમાં થયેલા તોતિંગ વધારા અને સ્ટીલ તેમજ સિમેન્ટના મેન્યુફેક્ચર્સ દ્વારા કાર્ટેલ કરી બાંધકામ ઉદ્યોગને બાનમાં લેવાનો પ્રયાસ કરતાં ક્રેડાઈલ અરવલ્લીએ જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર આપી એક દિવસ માટે ધંધા રોજગાર જડબેસલાક બંધ રાખ્યા હતા અને જણાવ્યું હતું કે વ્યાજબી કારણ વગર અચાનક ભાવ વધારો કરેલ છે તે પરત ખેંચવા માંગ કરી છે. જો ભાવ વધારો પાછો નહિ ખેંચાય તો આગામી દિવસમાં રાજ્યવ્યાપી કાર્યક્રમ યોજાશે.

કોરોનાના કારણે લોકડાઉન અમલી બન્યું ત્યારબાદ નવા નિર્દેશ પ્રમાણે બાંધકામ વ્યવસાયકારો દ્વારા તેમન પ્રોજેક્ટ ઉપર ચાલી રહેલ કામગીરી હવે ધીમે-ધીમે આગળ ચાલી રહી છે ત્યારે એકા-એક સ્ટીલ અને સિમેન્ટ કંપનીઓ દ્વારા કાર્ટેલ કરીને કોઈ વ્યાજબી કારણ વગર ભાવવધારો કરવાની સાથે શોર્ટ સપ્લાય કરી રહ્યા છે. ડામર, ડિઝલ તથા અન્ય મટેરીયલ્સના ભાવમાં પણ અસહ્ય વધારો થયો છે જે બાંધકામ ખર્ચમાં કમરતોડ છે. રો-મટેરીયલ્સની ખેંચના લીધે વિકાસની ગતિ પણ ધીમી પડી રહી છે અને રાજ્યનો વિકાસ રૂંધાઈ રહ્યો છે. તેની સીધી અસર બાંધકામ હેઠળ ઉપર નભતાં કરોડો નાગરિકોના પરિવારોના તેમજ બાંધકામ ઉદ્યોગ સાથે સંકળાયેલ ૨૫૦થી વધુ ઈન્ડસ્ટ્રીઝને વધુ થઈ રહી છે. જેના પરિણામે રાજ્યમાં બેકારીનું પ્રમાણ વધવાથી અનેક સમસ્યાઓ સર્જાવાનો ભય છે. રાજ્યમાં સિમેન્ટનું ઉત્પાદન કરતી કંપનીઓ દ્વારા દેશના અન્ય રાજ્યમાં ઓછી કિંમતે સિમેન્ટનું વેચાણ કરવામાંઅ ાવે છે. જ્યારે ટ્રાન્સપોર્ટેશન ઉપરાંત અન્ય ખર્ચાઓ ગુજરાતમાં વેચાણ માટે ઓછા થાય તેમ છતાં ગુજરાત રાજ્યમાં સિમેન્ટ અન્ય રાજ્યની સરખામણીમાં મોંઘા ભાવે વેચાણ થાય છે જેથી બાંધકામ ઉદ્યોગના ભવિષ્યને ધ્યાને લઈ સિમેન્ટ ઉત્પાદન કરતી કંપનીઓ સામે કાર્યવાહી કરવાની અરવલ્લી ક્રેડાઈ દ્વારા આવેદન પત્ર આપી માંગ કરવામાં આવી છે જેમાઈ ક્રેડાઈ મોડાસાના પ્રમુખ દિલીપભાઈ પટેલ સહિત સભ્યો જોડાયા હતા.





## ગાંધીનગર સમાચાર ઈમ્પેક્ટ

# અરવલ્લીમાં ધ્વનિ પ્રદુષણ ફેલાવતા સાયલેન્સરવાળા પાંચ વાહનો સામે કાર્યવાહી

**પ્રજાએ અહેવાલોને વખાણ્યા**

બાયડ, (બ્યુરો ઓફિસ)તા.૧૨

જીલ્લામાં ધ્વનિ પ્રદુષણ ફેલાવતા સાયલેન્સર વાળા બુલેટ ચાલકો સામે કાર્યવાહી કરવી જોઈએ તેવા અહેવાલ એક માત્ર ગાંધીનગર સમાચાર માં તા.૯ ફેબ્રુઆરીએ અહેવાલ પ્રસિધ્ધ થતાં જીલ્લા પોલીસ વડા સંજય ખરાતએ ગંભીરતાથી લઈ આવા વાહનોના ચાલકો સામે કાર્યવાહી કરવા જીલ્લા ટ્રાફીક પોલીસને સુચના આપતાં ધ્વનિ પ્રદુષણ ફેલાવતા ૫ બુલેટ ચાલકો સામે કાર્યવાહી કરવામાં આવી છે.

પોલીસ – ટ્રાફીક વિભાગ જીલ્લામાં તિવ્ર અવાજથી રોફ જમાવનારા બુલેટ ચાલકો સામે કાર્યવાહી કરવામાં મુક પ્રેક્ષક બની છે. તેવા અહેવાલ પ્રસિધ્ધ થયા પછી પોલીસ એકાએક એકશન મોડમાં આવી ગઈ. પોલીસ વડાએ રાહદારીઓને તેમજ અન્ય વાહન ચાલકોને વિચલીત કરે તે રીતે ધ્વનિ પ્રદુષણ ફેલાવતા બુલેટ સહિતના સાધનો સામે કાર્યવાહી કરવા ત્વરીત આદેશ આપ્યા હતા. અદશય થયેલી ટ્રાફિક પોલીસ એકાએક એકશન મોડમાં આવી અને આવા વાહન ચાલકો સામે કાર્યવાહી કરી છે. માત્ર એકાજ બે દિવસ પુરતી કામગીરી સિમીત ન રહે તે પણ પોલીસ વડાએ જોવું રહ્યુ.

# મહિયાપુરના ખેડૂત પાસેથી કાર ખરીદી છેતરપીંડી

બાયડ, ભિલોડા, તા.૧૨

માલપુર તાલુકાના મહિયાપુરના ખેડૂત હરેશ રસિકભાઈ પટેલ એ તેમના મિત્રના કહેવાથી ધનસુરાના જામઠા ગામના અભ્યુદય વિક્રમ દેસાઈ ને રૂા.૩,૦૦,૦૦૦ માં ફાઈનાન્સની લોનથી કાર વેચાણ આપ્યા પછી ખેડૂત સાથે છેતરપીંડી આચરવામાં આવતાં પોલિસ ફરીયાદ થઈ છે.

મિત્ર ક્યારેક મુશ્કેલીમાંથી બહાર લાવવામાં મદદરૂપ થતા હોય છે પરંતુ ક્યારેક મિત્રના કહેવાથી વણજોઈતી મુશ્કેલીઓ અવી જતી હોય છે. માલપુર તાલુકાના મહિયાપુરના ખેડૂતને તેમની ઈકો કાર વેચાણ આપવાની હોવાથી તેઓ સારી કિંમતની આશામાં ગ્રાહક શોધતાં હતા દરમિયાન તેમના એક નજીકના મિત્રએ ધનસુરા તાલુકાના જામઠા ગામના અભ્યુદય દેસાઈને કાર વેચાતી જોઈતી હોવાની જાણકારી આપી હતી જેથી કાર વેચવા મુદ્દે લોનના હપ્તા બાકી હોય તે ભરપાઈ કરવાની શરતે કાર વેચાણ આપી હતી પરંતુ ખેડૂત પાસેથી કાર ખરીદ્યા પછી હપ્તા ભરવામાં આવ્યા ન હતા. ખેડૂત દ્વારા વારંવાર નિયમિત હપ્તા ભરવા અંગે કહેવા છતાં ખરીદદારે કાર લઈ ગયા પછી છેતરપીંડી કરી હતી જેથી હરેશભાઈ પટેલ એ માલપુર પોલિસ સ્ટેશનમાં ફરીયાદ આપતા ગુન્હો નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

# બાયડ પાલિકામાં ભાજપે વોર્ડ નં.૧માં પ્રવિણ પટેલને મેદાનમાં ઉતાર્યા

**મતદારોમાં ભારે ઉત્સાહ, કાર્યકરોમાં ખુશાલી**

હિંમતનગર (બ્યુરો)તા.૧૨

બાયડ નગરપાલિકાના ચુંટણી જંગમાં ભાજપે ગુરૂવારે ઉમેદવારોની યાદી જાહેર કરી જેમાં વોર્ડ નં.૧ માં ભાજપ દ્વારા પ્રવિણ એમ. પટેલને મેદાનમાં ઉતારતાં મતદારો સહિત ભાજપના કાર્યકરોમાં અપાર ખુશાલી જોવા મળી છે. અગાઉ બે ટર્મ સુધી વિકાસના ટકોરબંધ કામ કરવાની સાથે સતત લોકસંપર્ક જાળવી રાખતાં ભાજપે ફરી એકવાર પ્રવિણ પટેલને ચુંટણી જંગના મેદાનમાં ઉતારી અનેકનાં દિલ જીતી લીધા છે. વોર્ડ નં.૧ માં અન્ય લોકપ્રિય ઉમેદવાર બાયડ શહેર ભાજપ સંગઠનના પ્રમુખ સ્નેહલભાઈ પટેલ તથા મહિલા ઉમેદવારોમાં જાણીતા મહિલા ધારાશાસ્ત્રી કંચનબેન મુકુન્દભાઈ પટેલ અને બ્રહ્મ સમાજના અગ્રણી મહિલા ભાવનાબેન અતુલભાઈ જોષીને મેદાનમાં ઉતારતાં ભાજપની મજબૂત પેનલથી સમગ્ર મત વિસ્તારમાં ખુશાલી જોવા મળી હતી.



રાજકારણમાં વિકાસના કામો આખરે સાચી મૂડી હોય છે. વોર્ડ નં.૧ વર્ષ:૨૦૦૬ થી અત્યાર સુધી ભાજપનો અડીખમ ગઢ રહ્યો છે. અગાઉની બે ટર્મ દરમિયાન ભાજપના પૂર્વ નગર સેવક પ્રવિણ પટેલ અને તેમની ટીમે વોર્ડનો સર્વાંગી વિકાસ કરવાની સાથે જનજનના પ્રશ્નો ઉકેલ માટે સતત તત્પર રહ્યા હતા. જેના કારણે મતદારોમાં લોકપ્રિયતા પણ ચિરસ્થાયી થઈ હતી. બાયડ પાલિકાની મુદત પૂરી થતાં સામાન્ય ચુંટણી જાહેર થઈ જેમાં વોર્ડ નં.૧માં પ્રવિણ પટેલ મેદાનમાં ઉતારવા માટે સ્થાનિક સંગઠન સહિત ભાજપના કાર્યકરો અને મતદારોની લાગણી નિરીક્ષકો સુધી પહોંચી હતી. પ્રદેશ પાર્લામેન્ટરી બોર્ડ દ્વારા બાયડ પાલિકામાં ભાજપનો ભગવો લહેરાવા માટે જ્ઞાતિગત સમીકરણોને ધ્યાને લઈ ૨૪ ઉમેદવારોની પસંદગી કરી છે. પ્રવિણ પટેલની વોર્ડ નં.૧ના ઉમેદવાર તરીકે પસંદ કરાતાં તમામ સમાજના અગ્રણીઓ, વિવિધ સામાજિક સંસ્થાઓના આગેવાનો વગેરે તેમની અને સમગ્ર પેનલની પસંદગીને આવકારી ભારે બહુમતીથી વિજય થાય તેવી શુભકામનાઓ પાઠવી છે.

## સ્થાનિક સ્વરાજ્યનો ચુંટણી જંગ

# સાબરકાંઠા-અરવલ્લીમાં ફતેહ મેળવવા ભાજપનું અનોખું ગણિત

**પરિણામો ચોંકાવનારા હોઈ શકે છે, કોંગ્રેસમાં જૂથવાદ વકરતા ભાજપને ફાયદાની આશા**

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૨

સાબરકાંઠા-અરવલ્લી જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત અને ૪ નગરપાલિકાની સામાન્ય ચુંટણી માટે તા.૨૮ ફેબ્રુઆરીએ મતદાન થવાનું છે ત્યારે બંને જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યનો ચુંટણી જંગ જીતવા અરવલ્લી જિલ્લા ભાજપ સંગઠન પ્રમુખ રાજેન્દ્ર પટેલ, સાબરકાંઠા સંગઠન પ્રમુખ જે.ડી.પટેલ અને તેમની ટીમે અનોખું ગણિત તૈયાર કર્યું છે. પરિણામો ચોંકાવનારા હોઈ શકે છે કોંગ્રેસમાં જુથવાદ વકરતાં ભાજપને મોટા ફાયદાની આશા છે. જે રીતે વર્ષોથી કોંગ્રેસની વોટબેંક ગણાતા ચોક્કસ સમાજના અનેક લોકો ભાજપનો કેસરીયો ધારણ કરી રહ્યા છે તે જોતાં ભાજપના વિજયી રથને કેવી રીતે અટકાવવો તેની વિમાસણમાં કોંગ્રેસ પરોવાઈ છે. વિધાનસભા બેઠકોના પરિણામો અરવલ્લી જિલ્લામાં ભલે કોંગ્રેસ તરફી હોય પરંતુ લોકસભા ચુંટણીએ કોંગ્રેસની ઉંઘ હરામ કરી દીધી હતી.

જિલ્લામાં ૩૬ જિલ્લા પંચાયત, ૩૦૦ તાલુકા પંચાયત અને ૧૨૦ નગરપાલિકાની બેઠકો માટે ફેબ્રુઆરી મહિના અંતિમ દિવસે ઈવીએમથી મતદાન યોજાવાનું છે. મતદાન પુરૂં થયા પછી ઈવીએમ મતપેટી નિયત કરાયેલા ૧૬ સ્થળે સ્ટ્રોન્ગરૂમમાં લઈ જવામાં આવશે. તા.૨ માર્ચે લોક ચુકાદો જાણવા મતગણતરી શરૂ થશે ત્યારે વર્ષ-૨૦૧૫માં યોજાયેલી તાલુકા પંચાયત, જિલ્લા પંચાયતની સામાન્ય ચુંટણીમાં કોંગ્રેસનો વિજય થયો હતો પરંતુ તે સમયે હાર્દિક પટેલ અને પાટીદાર આંદોલન ભારે અસરકારક બન્યું હતું. હાર્દિક પટેલે કોંગ્રેસનો હાથ પકડી લેતાં પાટીદારો પણ હાર્દિકથી છેતરાયાનો મનોમન વસવસો કરતા હોઈ શકે. હાર્દિક કોંગ્રેસમાં ગયો હોવાથી તેનો પ્રભાવ રહ્યો નથી. જ્યારે ભાજપે મોટાભાગની બેઠકો ઉપર યુવા ચહેરાઓને મેદાનમાં ઉતાર્યા છે. એન્ટી ઈન્કમ્બશીને ધ્યાને રાખી પાલિકાઓમાં કેટલાંક કોર્પોરેટરોને ટિકીટ કાપવાની સાથે નો રિપીટ થિયરી અમલમાં મૂકી છે. જ્યારે ૬૦ વર્ષથી ઉપરના એકપણ કાર્યકર્તાને મેદાનમાં ન ઉતારી ભાજપે પોતાની પ્રદર્શિત કરેલી હાર્ડલાઈનનો અમલ કર્યાનો મેસેજ કાર્યકરો અને જન-જન સુધી પહોંચાડ્યો છે. જયારે બંને જિલ્લામાં પાટીદાર આંદોલનનો કોઈ પ્રભાવ નથી. પાટીદાર આંદોલન વખતે ભાજપ સામે મોરચો માંડનારા કેટલાંક આગેવાનો તેમના સબંધીઓને ભાજપ દ્વારા મેરીટના આધારે ઉમેદવાર બનાવી મેદાનમાં ઉતારતાં ભાજપને તેનો ફાયદો થઈ શકે છે. જ્યારે પ્રદેશ પ્રમુખ સી.આર.પાટીલે ૬૦ વર્ષથી ઉપરના અને ૩ ટર્મ ચુંટાયેલા કોઈપણ દાવેદારને ટિકીટ ન આપી સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં ૧૩૦થી વધુ યુવા ચહેરાઓને મેદાનમાં ઉતારીને ભવ્ય-દિવ્ય સાબરકાંઠા-અરવલ્લી જિલ્લાના સંકલ્પને સાકાર કરવા તરફ ડગ માંડ્યાછે. જયારે કોંગ્રેસ ખાસ કરીને અરવલ્લી જિલ્લાં ઉપરાંત વિજયનગર, પોશીના, ખેડબ્રહ્મામાં પોતાનો સારો દેખાવ થશે તેવી અપેક્ષા રાખે છે પરંતુ ટિકીટ માટેની ખેંચતાણમાં કોંગ્રેસનું ઘર સળગે તેવી સ્થિતિ આકાર લઈ રહી છે.

# બાયડ પાલિકામાં ભાજપે ૬ વોર્ડના ઉમેદવારો જાહેર કર્યા, માત્ર ૨ કોર્પોરેટર રિપીટ

**તમામ સમાજને પ્રતિનિધિત્વ આપવાનો પ્રયાસ, નગરમાં ખુશાલી**

હિંમતનગર (બ્યુરો ઓફિસ) તા.૧૨

અરવલ્લી જિલ્લા ભાજપ દ્વારા બાયડ પાલિકાના ૬ વોર્ડના ૨૪ ઉમેદવારોની યાદી જાહેર કરી છે તમામ સમાજને ભાજપે પ્રતિનિધિત્વ આપવાનો પ્રયાસ કરતા પાલિકા વિસ્તારમાં ખુશાલી છવાઈ છે. ભાજપ સંગઠન દ્વારા બાયડ પાલિકાના વર્તમાન બે કોર્પોરેટર સ્નેહલભાઈ પટેલ (શહેર સંગઠન પ્રમુખ) અને અરવિંદભાઈ જેઠાભાઈ પટેલને રિપીટ કર્યા છે. સતત લોકસંપર્ક જાળવી રાખનાર, લોક ઉપયોગી કામગીરીથી લોકપ્રિય બનેલા પૂર્વ કોર્પોરેટર, પત્રકાર પ્રવિણ એમ. પટેલને ભાજપે વોર્ડ નં.૧માં મેદાનમાં ઉતારી માસ્ટર સ્ટ્રોક લગાવ્યો છે. ભાજપે ચુંટણી મેદાનમાં નવા ચેહરાની સાથે અનુભવીઓને ચુંટણી જંગના મેદાનમાં ઉતારી બાયડ પાલિકા વિસ્તારના ભવ્ય-દિવ્ય નિર્માણ માટે પથ તૈયાર કર્યો છે.

તા.૨૮ ફેબ્રુઆરીએ બાયડ નગરપાલિકાની ૬ વોર્ડની ૨૪ બેઠકોનો ખરાખરીનો જંગ જામવાનો છે. ભાજપ અને કોંગ્રેસ દ્વારા ઉમેદવારોની યાદી જાહેર કરવામાં વિલંબ થઈ રહ્યો હતો. જંગ ખરાખરીનો હોવાથી ભાજપે તમામ વોર્ડમાં જ્ઞાતિગત સમીકરણોને ધ્યાને રાખી જીતી શકે તેવા ઉમેદવારોને મેદાનમાં ઉતાર્યાનું ચિત્ર ઉપસ્યું છે. જ્યારે એન.સી.પી.ના કોર્પોરેટરમાંથી ભાજપમાં આવેલા ભલુભાઈ પી. પટેલ, નીરૂબેન ધીરૂભાઈ પટેલને પણ ભાજપે મેદાનમાં ઉતારી કોંગ્રેસની મુશ્કેલીઓ વધારી દીધી છે. જિલ્લા ભાજપ સંગઠન મંત્રી મણીભાઈ પંચાલની દિકરીને પણ મેદાનમાં ઉતારવામાં આવ્યા છે. ભાજપે બાયડ પાલિકાના પૂર્વ પ્રમુખ અરવિંદભાઈ રેવાભાઈ પ્રજાપતિ, જ્યોતિકાબેન જતિનકુમાર પટેલ, અશોકભાઈ લવજીભાઈ પટેલ (સામાજિક કાર્યકર), કંચનબેન પટેલ, સાંઈનાથ બીલ્ડર પરિવારના ભાવનાબેન અતુલભાઈ જોષીને મેદાનમાં ઉતારી બાયડના કહેવાતા રાજકીય ચાણક્યોની ઉંઘ હરામ કરી છે જયારે કોંગ્રેસનો સાથ છોડી ભાજપમાં જોડાયેલા બાયડ શહેર કોંગ્રેસ પ્રમુખ હર્ષદભાઈ પટેલની વય ૬૦ વર્ષથી વધુ હોવાથી ભાજપે તેમના પુત્ર નીલ ચૌધરીને મેદાનમાં ઉતારી ફતેહ મેળવાનો પથ બનાવી દીધો છે.

## ભાજપે વર્તમાન સહિત ૮ પૂર્વ કોર્પોરેટરોને મેદાનમાં ઉતાર્યા

બાયડ પાલિકાના ચુંટણી જંગમાં ભગવો લહેરાવા માટે ભાજપે તમામ જ્ઞાતિગત સમીકરણોને ધ્યાને લઈને ઉમેદવારોને મેદાનમાં ઉતાર્યા છે. ભાજપે વર્તમાન સહિત નગરપાલિકાના કુલ ૮ પૂર્વ કોર્પોરેટરોને મેદાનમાં ઉતાર્યાનું જાણવા મળ્યું છે. જેમાં સ્નેહલભાઈ પટેલ, પ્રવિણ પટેલ, જ્યોતિકાબેન પટેલ, અરવિંદભાઈ પ્રજાપતિ, નીરૂબેન પટેલ, ભલુભાઈ પટેલ, અરવિંદભાઈ પટેલ, ભરતભાઈ પટેલને મેદાનમાં ઉતાર્યા છે.

**બાયડ પાલિકા ભાજપના ઉમેદવારો**

| વોર્ડ નંબર | ઉમેદવારનું નામ | વોર્ડ નંબર | ઉમેદવારનું નામ |
|---|---|---|---|
| ૧ | સ્નેહલકુમાર જગદીશભાઈ પટેલ | ૪ | ભાવનાબેન રમેશકુમાર પંચાલ |
| ૧ | પ્રવિણ મણીભાઈ પટેલ | ૪ | નિરૂબેન ધીરૂભાઈ પટેલ |
| ૧ | કંચનબેન મુકુંદભાઈ પટેલ | ૪ | નીલ હર્ષદકુમાર ચૌધરી |
| ૧ | ભાવનાબેન અતુલકુમાર જોષી | ૪ | ભલુભાઈ પ્રેમજીભાઈ પટેલ |
| ૨ | હરીશભાઈ પુંજાભાઈ પટેલ | ૫ | આશાબેન મનુભાઈ વસાવા |
| ૨ | જ્યોતિકાબેન જતિનકુમાર પટેલ | ૫ | વિણાબેન રમણભાઈ પટેલ |
| ૨ | પ્રકાશભાઈ ઈશ્વરભાઈ સોલંકી | ૫ | અરવિંદભાઈ જેઠાભાઈ પટેલ |
| ૨ | જીજ્ઞાશાબેન સુનિલભાઈ રાઠોડ | ૫ | હેમંતભાઈ જશુભાઈ પટેલ (કકો) |
| ૩ | અરવિંદભાઈ રેવાભાઈ પ્રજાપતિ | ૬ | કૈલાશબેન મેહુલભાઈ સોલંકી |
| ૩ | અશોકભાઈ લવજીભાઈ પટેલ | ૬ | રાધાબેન જગદીશભાઈ ચૌહાણ |
| ૩ | ગાયત્રીબેન પ્રવિણભાઈ પટેલ | ૬ | ભરતભાઈ સુરેશભાઈ પટેલ |
| ૩ | મીનાબેન મનહરભાઈ પટેલ | ૬ | હર્ષદભાઈ રેવાભાઈ પટેલ |

# બાઈકના વ્હીલમાં સાડી ફસાતાં ફંગોળાયેલી મહિલાનું મોત

વડોદરા, તા. ૧૨

ઘણી વખત સામાન્ય ભૂલના કારણે મોટી તકલીફ ભોગવવાનો વારો આવતો હોય છે. બાઈકના ટાયરમાં કપડા ફસાઈ જવાના કારણે થતાં અકસ્માત જીવલેણ સાબિત થતાં હોય છે. આવી જ વધુ એક ઘટના વડોદરામાં બની છે જેમાં બાઈકમાં સાડીનો છેડો ફસાઈ જવાના કારણે મહિલાનું મોત થઈ ગયું છે. જ્યારે વડોદરામાં એક અન્ય અકસ્માતની ઘટના બની હતી જેમાં ૩૫ વર્ષના યુવાને જીવ ગુમાવ્યો છે.

## ભુતા પ્રાથમિક શાળાના મુખ્ય શિક્ષકનો નવતર પ્રયોગ

# બાળકોના ઘરની દિવાલ ઉપર શૈક્ષણિક કાર્ય માટે ભીત ચિત્ર દોર્યા

**બાળકો માટે હરતુ ફરતુ ગૃહ કાર્ય આનંદ દાયક બન્યું**

બાયડ, (બ્યુરો ઓફિસ)તા.૧૨

માલપુર તાલુકાની ભુતા પ્રા.શાળાના રાજયના સર્વશ્રેષ્ઠ પ્રા.શિક્ષક એવોર્ડ વિજેતા લતાબેન વિ.પટેલે શાળાઓમાં શિક્ષણકાર્ય શરૂ થયુ નથી ત્યારે હોમલર્નિંગ અંતર્ગત શેરી શાળાના આયોજનને વધુ લોકપ્રિય બનાવવા બાળકોના ઘરની દિવાલ ઉપર શૈક્ષણિક કાર્ય માટે ભીત ચિત્ર દોરી શિક્ષણ આપવાનું માલપુર તાલુકામાં નવતર પ્રયોગ શરૂ કર્યો છે. બાળકો માટે હરતુ ફરતુ ગૃહ કાર્ય આનંદ દાયક બન્યુ છે. દિવાલ ઉપર ગૃહ કાર્યનો પ્રયોગ આવનાર દિવસોમાં અનેક પ્રા.શિક્ષકોને પ્રોત્સાહિત કરી શકે છે.



પ્રા.શિક્ષણ જગતમાં સાબરકાંઠા-અરવલ્લી જીલ્લાના ૧૧૦૦૦ હજાર પ્રા.શિક્ષકો માટે લત્તાબેન પટેલ નું નામ નવુ નથી. શિક્ષણમાં કંઈક નવું આપવાની તેમની ખેવનાએ પ્રા.શિક્ષણ જગતને કંઈક નવું આપ્યુ છે. ભુતા સરકારી પ્રા.શાળાને સમગ્ર રાજયમાં આગવી નામના અપાવી છે. શિક્ષણની સાથે સમાજ માટે દાયીત્વ નિભાવવા જરા પણ પીછે હઠ કરી નથી. હોમલર્નિંગ કાર્યક્રમમાં ગરીબ બાળકોને જરૂરી હોય તેવી તમામ સામગ્રી પુરુ પાડી છે. શાળાના બાળકોને ભાવતા ભોજન તૈયાર કરીને પીરસ્યા છે. અને હવે ઘરની દિવાલો ઉપર આવતાં જતાં અવાર નવાર બાળકોની લખાણ પર નજર પડે બાળકો હરતુ ફરતું ગૃહ કાર્ય કરી શકે એ માટે બાળકોના ઘરની દિવાલો ઉપર શૈક્ષણિક કાર્ય માટે લખાણ કરવામાં આવ્યું છે. જેથી બાળકને બધું આસાનેથી યાદ રહી જાય.

# બાયડના પૂર્વ ધારાસભ્ય, ગોલ્ડન તબીબના પરિવાર દ્વારા રામ મંદિર નિર્માણ માટે એક લાખનું દાન

બાયડના પૂર્વ ધારાસભ્ય, ગોલ્ડન કારકીર્દી ધરાવતા ડાૅ. મહેન્દ્રભાઈ એસ. પટેલ અને તેમના જ્યેષ્ઠ બંધુ કાન્તીભાઈ એસ. પટેલ, (ડિરેક્ટર સાબરડેરી) પરિવાર દ્વારા રામ મંદિર નિર્માણ માટે રૂા.૧,૦૧,૧૧૧/- નું દાન આપી ધર્મ પ્રત્યેની આસ્થા વ્યક્ત કરી હતી. બાયડમાં સંજીવની હોસ્પિટલના માધ્યમથી ગરીબ દર્દીઓની રાહત દરે સેવાનું અભિયાન ચલાવે છે.



માનવતાનો સાદ હોય કે પછી રાષ્ટ્ર ઉપયોગી કામગીરી માટે હાકલ પડે ત્યારે બાયડને કર્મભૂમિ બનાવનાર ડાૅ. મહેન્દ્રભાઈ પટેલ અને તેમનો પરિવાર સદાય અગ્ર હરોળમાં હોય છે. ગાયત્રી પરિવારના ઉપાસક ડાૅક્ટર પરિવારે ગરીબ પરિવારોની સેવાની સાથે શાળાઓમાં અભ્યાસ કરતા ગરીબ બાળકોને દત્તક લેવાની સાથે ગરમ વસ્ત્રો, દફ્તર, પાટી-પેન, વગેરેનું મફત વિતરણ કરી સાચા માનવધર્મની ફરજ બજાવી છે. અયોધ્યામાં ભવ્ય રામ મંદિરનું નિર્માણ કાર્ય શરૂ થયું છે ત્યારે પૂર્વ ધારાસભ્યના પરિવારે રામ મંદિર નિર્માણ માટેની સહયોગનીધિમાં ઉદાર હાથે ફાળો આપી રાષ્ટ્રધર્મ પણ બજાવ્યો છે.